પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭● અંક : ૨૭૮● કુલ પાના : ૪● તારીખ : ૧૮-૦૭-૨૦૨૪ ગુરુવાર ●કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ગુજરાતમાં ચાંદીપુરા વાયરસે લીધો વધુ એકનો ભોગ, બાળકીનું સારવાર દરમિયાન મોત

અમદાવાદ,

ચાંદીપુરા વાયરસને લઈને વધુ એકના મોતની આશંકા સેવાઈ રહી છે. મહત્વનું છે કે, ઉત્તર ગુજરાતના સાબરકાંઠાથી ચાંદીપુરા વાયરસના કેસો સામે આવ્યા બાદ ગુજરાતના અનેક વિસ્તારોમાં આ વાયરસના કેસો નોંધાયા છે. સાબરકાંઠાની હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં આઠ જેટલા શંકાસ્પદ ચાંદીપુરાના કેસ દાખલ થઈ ચૂક્યા છે. તેમજ આઠ પૈકી પાંચ દર્દીઓનાં મોત થયા છે. આ



બધાની વચ્ચે હવે મહેસાણા જિલ્લામાં આ જીવલેણ વાયરસના બે કેસ નોંધાયા છે. જે પૈકી એક બાળકનું સારવાર દરમિયાન મોત થયું છે.

મહેસાણા જિલ્લામાં ચાંદીપુરા વાયરસના ૨ શંકાસ્પદ કેસ નોંધાયા છે. મહેસાણા જિલ્લાના વરેઠા અને ડાભલામાં ચાંદીપુરા વાયરસના ૨ શંકાસ્પદ કેસ નોંધાયા બાદ બાળકોને વડનગર અને અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ તરફ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા બાળકોના ઘર આસપાસ તપાસ કરાઈ છે. આ સાથે આરોગ્ય વિભાગે સેમ્પલ લઈ પૂણા તપાસ માટે મોકલાયા છે. જોકે અમદાવાદમાં સારવાર લઈ રહેલ એક બાળકનું મોત પણ થયું છે જેને લઈ આરોગ્ય તંત્રમાં દોડધામનો માહોલ સર્જાયો છે.

મહેસાણા જિલ્લાના વરેઠા અને ડાભલામાં ચાંદીપુરા વાયરસના બે શંકાસ્પદ કેસ નોંધાયા છે. જોકે શંકાસ્પદ કેસ નોંધાતા બાળકો હાલમાં વડનગર અને અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળ ખસેડાયા છે. જ્યારે આરોગ્ય ટીમ દ્વારા હાલમાં બંને બાળકોના ઘરોની આસપાસ સર્વેલેન્સ કામગીરી હાથ ધરી છે. જોકે સારવાર દરમિયાન એક બાળકનું મોત થતાં પરિજનો ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે. આ તરફ તંત્ર દ્વારા સેમ્પલ લઈ પુના લેબમાં મોકલવામાં આવ્યા છે. જોકે આ મૃતક બાળકનું નિધન ચાંદીપુરાથી થયું કે અન્ય કારણ થી તે રિપોર્ટ બાદ માલૂમ પડશે. નોંધનિય છે કે, પુના મોકલાયેલા રિપોર્ટ એક અઠવાડિયામાં આવશે.

ચાંદીપુરા વાયરસથી પીડિત વ્યક્તિને તાવ આવે છે અને તેના લક્ષણો ફ્લૂ અને તીવ્ર એન્સેફાલીટીસ (મગજની બળતરા) જેવા છે. તે મચ્છર, લોહી ચૂસનાર જંતુઓ અને સેન્ડફલાય જેવા વાહકો (જંતુઓ) દ્વારા ફેલાય છે. આ વાયરસ માખી દ્વારા ફેલાવાતો હોવાથી તેને મારવા સહિત ડસ્ટિંગ સહિત અન્ય પગલાં લેવા માટે ટીમો તૈનાત કરી છે. ચાંદીપુરા વાયરસ મચ્છર, લોહી ચૂસનાર જંતુઓ અને સેન્ડફલાય (માખીઓ) દ્વારા ફેલાય છે. આ જંતુઓ તમારી આજુબાજુ દેખાય તો ધ્યાન રાખજો.

રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરાના કેસોને લઈને કેબિનેટ મંત્રી રૂષિકેશ પટેલે જણાવ્યું હતું કે તમામ કેસો શંકાસ્પદ છે. સેમ્પલ તપાસ માટે પુણે લેબોરેટરીમાં મોકલાયા છે જેનો રિપોર્ટ આવ્યો નથી. મહત્વપૂર્ણ છે કે સાબરકાંઠામાં ૬, અરવલ્લીમાં ૩, મહિસાગર, રાજકોટ, ખેડા અને મહેસાણામાં એક-એક દર્દી એમ કુલ ૧૨ જેટલા મૃતકોમાં બીમારી સમયે શંકાસ્પદ ચાંદીપુરાના લક્ષણો જોવા મળ્યા હતા.

## દેશના અનેક જીલ્લાઓમાં પૂર, મહારાષ્ટ્ર ,એમપી, દિલ્હી- એનસીઆરમાં વરસાદ

નવીદિલ્હી,

દેશના અનેક ભાગોમાં વરસાદ પડી રહ્યો છે. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર અને આસામમાં વરસાદને કારણે નદીઓમાં ઉછાળો આવ્યો છે. આ રાજ્યોના અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક વહીવટી તંત્ર પૂરની સ્થિતિને પહોંચી વળવામાં વ્યસ્ત છે. તે જ સમયે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના લોકો ભેજવાળી ગરમીથી પરેશાન છે.હળવા વરસાદ બાદ વાતાવરણ ભેજયુક્ત રહ્યું હતું. આ સમયગાળા દરમિયાન દિલ્હીનું મહત્તમ તાપમાન ૩૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

દિલ્હી-એનસીઆર અંગે ભારતીય હવામાન વિભાગે જણાવ્યું કે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે. દિલ્હી-એનસીઆરના ઘણા વિસ્તારોમાં હળવો વરસાદ પણ પડી શકે છે.દિલ્હીનું મહત્તમ અને લઘુત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ અને ૨૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે.આઈએમડીએ આગામી બે દિવસ માટે દિલ્હીમાં યલો એલર્ટ જાહેર કર્યું છે.

મધ્યપ્રદેશના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડી રહ્યો છે. સ્થાનિક હવામાન વિભાગે અનેક જિલ્લાઓમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. હવામાન વિભાગે કહ્યું કે આગામી એક-બે દિવસમાં ખરગોન, બુરહાનપુર, ખંડવા, બરવાની, અલીરાજપુર, ઝાબુઆ, ઈન્દોર, રતલામ, છિંદવાડા અને બાલાઘાટમાં ભારે વરસાદ થઈ શકે છે.

રાજધાની ભોપાલ સહિત અન્ય જિલ્લાઓમાં તોફાનની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે આગામી ૨૪ કલાકમાં ભોપાલમાં આકાશ વાદળછાયું રહેશે. રાજધાની ભોપાલમાં કેટલીક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.મહારાષ્ટ્રની રાજધાની મુંબઈ સહિત અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડી રહ્યો છે. સ્થાનિક હવામાન વિભાગે મુંબઈ, થાણે, રત્નાગીરી, સિંધુદુર્ગ, પાલઘર, સાતારા અને કોલ્હાપુર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. મહારાષ્ટ્રના આ તમામ વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે મુંબઈમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન અનુક્રમે ૩૦ અને ૨૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે. રાયગઢમાં ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર! ધોધમાર વરસાદથી રાજકોટ જળબંબાકાર

રાજકોટ

રાજકોટ શહેરમાં ધોધમાર વરસાદ છે, જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. એક સાથે ત્રણ સિસ્ટમ સર્જાતા આગામી પાંચ દિવસ દરમિયાન સાર્વત્રિક મેઘમહેરની આગાહી કરવામાં આવી છે. ભારે વરસાદના કારણે રાજકોટ શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. યાજ્ઞિક રોડ, હેમુગઢવી હોલ પાસે દોઢથી બે ફૂટના પાણી ભરાયા છે. આ સિવાય શહેરના અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાવાના શરૂ થયા છે. શહેરના વિવિધ માર્ગો પર પાણી ભરાતા વાહન ચાલકો પરેશાન થઈ ગયા છે.રાજકોટમાં ભારે વરસાદના કારણે યાજ્ઞિક રોડ અને એસ્ટ્રોન ચોક પાસે પામી ભરાયા છે. એસ્ટ્રોન ચોકનું ગરનાળું પાણી ભરાતા બંધ કરવામાં આવ્યું છે. રાજકોટ શહેરમાં સમીસાંજે ધોધમાર વરસાદ શરૂ થતા એક કલાકમાં જ શહેરના રસ્તાઓ પાણી પાણી થયા હતા. ભારે વરસાદના કારણે વિઝિબિલીટી ઘટી જતા વાહનચાલકોએ વાહનોની લાઈટ ચાલુ કરવી પડી હતી. શહેરમાં એક ઈંચ વરસાદમાં જ કેટલાક વિસ્તારોમાં પાણી ભરાતા મનપાની પ્રિમોન્સુન કામગીરીની વધુ એકવાર પોલ ખુલ્લી પડી હતી. તમને જણાવી દઈએ કે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે એટલે કે ત્યાં અતિથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સુરત, નવસારી, વલસાડ, છોટાઉદેપુર, દમણ, દાદરા નગર હવેલી, જૂનાગઢ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, દીવમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.આ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. વડોદરા, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી, રાજકોટ, જામનગર, પોરબંદર, દ્વારકા અને બોટાદ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુંછે. આ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

## એર ઈન્ડિયાની ૬૦૦ પોસ્ટ માટે ૨૫૦૦૦ લોકો ઈન્ટરવ્યુ માટે ઉમટ્યાં, મુંબઈ એરપોર્ટ પર નાસભાગ જેવી સ્થિતિ

મુંબઈ

મુંબઈ એરપોર્ટ પર એર ઈન્ડિયા દ્વારા 'એરપોર્ટ લોડર' માટે ભરતી દરમ્યાન નાસભાગ જેવી સ્થિતિ પેદા થઈ હતી. ૬૦૦ પોસ્ટ માટે ૨૫,૦૦૦થી વધુ અરજદારો આવ્યા અને એર ઈન્ડિયાના કર્મચારીઓને ભીડને સંભાળવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. વીડિયોમાં જોઈ શકાય છે કે, ફોર્મ કાઉન્ટર સુધી પહોંચવા માટે અરજદારો એકબીજાને ધક્કા મારી રહ્યા છે.

નોકરી મેળવવા માટે યુવકો ધક્કામુક્કી કરતા હોય તેવો એક વીડિયો સામે આવ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, એર ઈન્ડિયાએ યુટિલિટી એજન્ટની ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી માટે વોક-ઈન ઈન્ટરવ્યૂ લીધા હતા. જેમાં હજારોની સંખ્યામાં ઉમેદવારો પહોંચ્યા હતા. કંપનીએ જણાવ્યું કે લગભગ ૨૫,૦૦૦ લોકો ઈન્ટરવ્યૂ માટે આવ્યા હતા, નોકરી મેળવવાનો ધસારો કાબૂ બહાર ગયો. આ પછી કંપનીએ લોકોને તેમના સીવી સબમિટ કરવા અને ત્યાંથી જવાનું કહ્યું.એરપોર્ટ લોડર્સને એરક્રાફ્ટ લોડિંગ-અનલોડિંગ, બેગેજ બેલ્ટ અને રેમ્પ ટ્રેક્ટર ચલાવવાનું કામ સોંપવામાં આવે છે. દરેક એરક્રાફ્ટને સામાન, કાર્ગો અને ખાદ્યપદાર્થોના પુરવઠાને હેન્ડલ કરવા માટે ઓછામાં ઓછા પાંચ લોડર્સની જરૂર પડે છે.

એરપોર્ટ લોડરનો પગાર દર મહિને રૂ. ૨૦,૦૦૦ થી રૂ. ૨૫,૦૦૦ ની વચ્ચે હોય છે, પરંતુ મોટાભાગના લોકો ઓવરટાઈમ ભથ્થા પછી રૂ. ૩૦,૦૦૦ કરતાં વધુ કમાય છે. નોકરી માટે શૈક્ષણિક માપદંડ મૂળભૂત છે, પરંતુ ઉમેદવાર શારીરિક રીતે મજબૂત હોવા જોઈએ. ત્યારબાદ જ ઉમેદવારને નોકરી પર રાખવામાં આવે છે.જો કે, થોડાક દિવસો પહેલા ગુજરાતમાં પણ આવી જ સ્થિતિ સામે આવી હતી. ગુજરાતના ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં ૪૦ પદ પર ભરતી બહાર પાડવામાં આવી હતી. જેમાં વૉક-ઈન ઈન્ટરવ્યૂ માટે ૮૦૦ લોકો પહોંચ્યા હતા, તે સમયે પણ ભયંકર નાસભાગ મચી હતી. હોટલના એન્ટ્રી ગેટના રેમ્પ પર ચઢવાની કોશિશ કરતા અરજદારોની લાંબી કતાર અને ધક્કામુક્કીનો વીડિયો વાયરલ થયો હતો. આ દરમિયાન રેમ્પની રેલિંગ પણ તૂટી ગઈ હતી. જેના કારણે ઊભેલા ઉમેદવારે એકસામટે પડી ગયા હતા, જોકે સદનસીબે કોઈને ઈજા થઈ ન હતી.



# ખાનપુરના નરોડા ગામમાં રોગચાળાથી બચવા આરોગ્ય ટીમ દ્વારા દવા છંટકાવની કામગીરી હાથ ધરાઈ

લુણાવાડા,

ચોમાસાની ઋતુ દરમિયાન બિમારીઓનુ પ્રમાણ વધી જાય છે. આ પરિસ્થિતિમાં રોગચાળા અટકાયત અને નિયંત્રણ માટે મહિસાગર જિલ્લા આરોગ્ય ટીમ દ્વારા નાગરિકોને રોગચાળાથી બચાવવા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાનપુર તાલુકાના નરોડા ગામમાં વડાગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સંચાલિત મેડિકલ ઓફિસર ડો.દિપક પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઘરે ઘરે જઈ મેલેરીયા અને ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગોથી બચવા દવાનો છંટકાવ કરાયો હતો. વડાગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મેડિકલ ઓફિસર ડો.દિપક પટેલે વધુ માહિતી આપતા જણાવ્યુ હતુ કે,પ્રાથમિક આરોગ્યની ટીમ દ્વારા આજુ બાજુના ૧૯ ગામોમાં રોગચાળો ફાટી ન નીકળે તે માટે સમયાંતરે દરેક નાગરિકોના ઘરે જઈને જ્યાં પાણી ભરાયેલ હોય અથવા ઘરે પાણીની ટાંકીમાં દવાનો છંટકાવ તથા જે લોકો દવા નાંખવાની ના પાડે ત્યાં ગપ્પી ફીશ નાંખવામાં આવે છે. આ ફીશ થકી મચ્છરોનો ઉપદ્રવ થતો નથી. વધુમાં આરોગ્યની ટીમ દ્વારા સમયાંતરે ફીવર સર્વેલન્સ કરવામાં આવે છે. જો કોઈને તાવ આવતો હોય તો તપાસ કરી પોઝીટીવ આવે તો તેમણે સારવાર આપવામાં આવે છે. નરોડા ગામના સ્થાનિક ભારતીબેન પટેલ જણાવે છે કે,દર અઠવાડિયે આશાવર્કર બહેનો ગામની મુલાકાતે આવે છે. જો આજુબાજુ પાણી ભરાયેલ હોય તો દવાનો છંટકાવ પણ કરે છે. આ ઉપરાંત આરોગ્યની ટીમ દ્વારા રોગચાળો ના ફાટે તે માટે પુરતી તકેદારી લેવાય છે.

# લુણાવાડાના જુના રાબડીયા ગામે શંકાસ્પદ ચાંદીપુરમ રોગના લક્ષણો ધરાવતી બાળકીનુ સારવાર દરમિયાન મોત

ખારોલ,

મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના જુના રાબડીયા ગામમાં શંકાસ્પદ ચાંદીપુરમનો કેસ જોવા મળતા જિલ્લા આરોગ્ય વિભાગ દોડતુ થયુ છે. પાંચ વર્ષની બાળકીને શંકાસ્પદ ચાંદીપુરમના લક્ષણો જણાતા સારવાર અર્થે અમદાવાદ ખસેડાઈ હતી. જયાં ટુંકી સારવાર દરમિયાન બાળકીનુ મોત નીપજયું હતુ.

જુના રાબડીયા ગામમાં રહેતા પરિવારની પ વર્ષિય બાળકીની તબિયત લથડતા તેને તરત સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાંથી તેને લુણાવાડા હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જયાં તબીબોને બાળકીને શંકાસ્પદ ચાંદીપુરમના લક્ષણો જણાતા તુરંત જ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. અને આરોગ્ય વિભાગને જાણ કરાઈ હતી. જિલ્લામાં શંકાસ્પદ ચાંદીપુરમનો કેસ સામે આવતા જિલ્લા આરોગ્ય વિભાગ પણ દોડતુ થયુ હતુ. તેમજ આરોગ્ય વિભાગે સર્વેલન્સ ટીમ દ્વારા જુના રાબડીયા ગામની મુલાકાત લઈ ગામના તમામ ઘરોનો સર્વે કરાયો હતો. જયારે અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન બાળકીનુ મોત નીપજયું હતુ. જિલ્લા આરોગ્ય વિભાગની ટીમે ગામમાં તમામ ઘરોનુ સ્ક્રિનિંગ કરી ઘરોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવાની કામગીરી હાથ ધરી હતી.

# લુણાવાડા આદર્શ વિદ્યાલયમાં વિશ્વ સાપ દિવસે સાપો વિશે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



લુણાવાડા,

મહીસાગર જીલ્લાની લુણાવાડા આદર્શ વિદ્યાલયમાં વિશ્વ સાપ દિવસ નિમિતે ગુજરાતના સાપ વિશે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

વન વિભાગ મહીસાગર અને લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરા દ્વારા મહીસાગર જીલ્લાની લુણાવાડા આદર્શ વિદ્યાલયમાં વિશ્વ સાપ દિવસ નિમિતે ગુજરાતના સાપ વિશે શિક્ષણ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

વિદ્યાર્થી અને સ્ટાફના કર્મચારીઓને વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ મયુરભાઇ પ્રજાપતિએ સાપની વિસ્તૃત માહિતી આપી હતી. જેમ કે, ગુજરાતમાં ઝેરી સાપ તેમજ મહીસાગર જીલ્લાના વિસ્તારમાં જોવા મળતા સાપ અને સરિશ્રુપો જેવા કે બિન ઝેરી સાપ ઓળખવા સાપ કરડે તો શુ કરવું અને આપણી આસપાસ સાપ જોવા મળે તો શુ કરવું, તેમજ ગુજરાતની પ્રકૃતી અને વન્યજીવોને બચાવોનું સૂચન આપ્યું હતું. તેમજ વિદ્યાર્થીનો ડર દૂર થાય તેવા પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા.

# વિશ્વ સાપ દિવસની ઉજવણી સર્પ જાગૃતી કાર્યક્રમ યોજાયો



મલેકપુર,

વન વિભાગ મહીસાગર અને લોકવિજ્ઞાન કેન્દ્ર ગોધરા દ્વારા મહીસાગર જીલ્લાની લુણાવાડા આદર્શ વિદ્યાલયમાં વિશ્વ સાપ દિવસ નિમિતે ગુજરાતના સાપ વિશે શિક્ષણ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. વિદ્યાર્થી અને સ્ટાફ ના કર્મચારીઓ ને વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ફોઉન્ડેશનના પ્રેસિડેન્ટ મયુરભાઇ પ્રજાપતિએ સાપની વિસ્તૃત માહિતી આપી હતી. જેમ કે ગુજરાતમાં ઝેરી સાપ તેમજ મહીસાગર જીલ્લાના વિસ્તારમાં જોવા મળતા સાપ અને સરિશ્રુપો જેવા કે બિનઝેરી સાપ ઓળખવા સાપ કરડે તો શું કરવું અને આપણી આસપાસ સાપ જોવા મળે તો શુ કરવું, તેમજ ગુજરાતની પકૃતી અને વન્ય જીવોને બચાવોનું સૂચન આપ્યું હતું. તેમજ વિદ્યાર્થીનો ડર દૂર થાય તેવા પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. શિક્ષણની સાથે સાથે આ પ્રકૃતી વન્યજીવ શિક્ષણ પણ આવનારી પેઢી માટે ખુબ અગત્યનું છે.

# સંતરામપુર શાંતિપૂર્ણ માહોલમાં તાજીયા ઝુલુસ કાઢવામાં આવ્યું



સંતરામપુર,

સંતરામપુરમાં શાંતિભરી માહોલમાં તાજીયા ઝુલુસ કાઢવામાં આવ્યું. નદીમાં ઠંડા કરવામાં આવ્યા. સંતરામપુરમાં ઈમામ હુસેન કરબલામાં ૭૨ સાથીઓ સાથે શહીદ થયેલા શહાદતમાં ૧૦મી મોહરમના રોજ સંતરામપુરમાં જુમ્મા મસ્જિદ, ફૈજાને મસ્જિદ, નૂરી મસ્જિદમાં દસ દિવસ સુધી મૌલાના દ્વારા ઈમામ હુસેનની વિશેષ બયાન કરવામાં આવેલું બયાન કરવામાં આવેલું હતું. આજરોજ સંતરામપુર જુમ્મા મસ્જિદ, નૂરી મસ્જિદમાં મસ્જિદોમાં આસુ રાની નમાજ અદા કરવામાં આવેલી હતી. હુસેની ચોક માંથી રીફાઈ કમિટી દ્વારા તાજીયા ઝુલુસ કાઢવામાં આવેલું હતું. હુસેનીચોક સી ભાઈ ચોકડી ટાવર રોડ વિવિધ માર્ગો પર ફરીને સંતમાં યા હુસેનના નારા સાથે સંતરામપુરની ચી મોટા નદીમાં નાના મોટા થઈને આશરે ૧૫ થી ૨૦ જેટલા તાજીયાને ઠંડા કરવામાં આવેલા હતા. પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે આ જુલુસ કરવામાં આવેલો કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સંતરામપુરનો પી.આઈ. કે.કે. ડીંડોર, પીએસઆઇ પટેલ પોલીસ વિભાગ દ્વારા ચાપતી નજર રાખવામાં આવેલી હતી અને સઘન પેટ્રોલિંગ કરવામાં આવેલો હતો.

# બાલાસિનોરની ખોડિયાર નગર સોસાયટીના મકાનમાંથી ૨.૪૪ લાખની દાગીનાની ચોરી

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાની ખોડિયાર નગર સોસાયટીમાં સોના-ચાંદીના તથા રોકડા મળી કુલ રૂ.૨.૪૪ લાખની ચોરી થતાં પોલીસ ફરિયાદ નોંધાવવા પામી હતી.

બાલાસિનોર તાલુકાના ખોડિયાર નગર વિસ્તારમાં રહેતા અને મુળ ગજા પગીના મુવાડા તા.બાલાસિનોરના દિપકકુમાર અમરસિંહ ચૌહાણ આર્મીમાંથી રિટાયર્ડ થયેલા છે અને થર્મલ જી.ઈ.બી.માં સિકયુરિટીની નોકરી છે. તા.૧૩/૦૭/૨૦૨૪ના રોજ તેઓ તેમના પરિવાર સાથે તેમના વતન ગજા પગીના મુવાડા ગામે ગયા હતા. તા.૧૪/૦૭/૨૦૨૪ના રોજ તેમનો દિકરો મયુરસિંહ ટયુશન જવા માટે બાલાસિનોર ખાતે તેમના મકાનમાં જતાં ત્યાં મકાનનુ તાળુ તુટેલી જોવા મળતા દિપકભાઈને જાણ કરતા તેઓ તેમની પત્નિ તથા તેમની દિકરી કોમલ તથા તેમના કાકાના દિકરા ધુળાભાઈ ડાહ્યાભાઈ ચૌહાણ ત્યાં જઈને જોતા મુખ્ય દરવાજાનુ મારેલુ તાળુ તુટેલુ હતુ. તાળાને મારેલો નકુચો તુટેલી હાલતમાં નીચે પડેલ હતો અને દરવાજો ખુલ્લો હતો. મકાનની અંદર જઈ તપાસ કરતા ઘરનો સરસામાન વરવિખેર હાલતમાં હતો.પત્નિએ તેના દાગીના મુકેલા હતા ત્યાં તપાસ કરતા સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.૨,૪૪,૦૦૦/-ની ચોરી થઈ હતી. આ બનાવની જાણ દિપકકુમાર અમરસિંહ ચૌહાણે ફરિયાદ નોંધાવતા બાલાસિનોર પોલીસે ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# ફતેપુરાના લખણપુરા ગામે બાઈકની ટકકરે યુવાનનુ મોત

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં લખણપુરના માતા ફળિયા ખાતે મોટરસાયકલ ચાલકે પુરપાટ અને ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તાની સાઈડમાં ઉભેલા એક ૩૫ વર્ષિય યુવાનને અડફેટમાં લેતા માથામાં તથા પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનુ મોત નીપજયું હતુ.

ફતેપુરા તાલુકાના લખણપુર ગામના માતા ફળિયા ખાતે રોમીતભાઈ રમસુભાઈ ગરાસીયા ખેતીવાડી તથા છુટક કામ ધંધો કરી ઘરનુ ગુજરાન ચલાવતા હતા જેઓ પોતાના ઘર પાસેથી પસાર થતાં ગરાડુથી સુખસર જતાં માર્ગની સાઈડમાં ઉભા હતા તે સમયે મોટરસાયકલ ગફલતભરી રીતે હંકારી લાવી રોમીતભાઈ ગરાસિયાને અડફેટમાં લેતા માથામાં તથા પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનુ ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ. જયારે મોટરસાયકલ ચાલક સતીશભાઈ રાજુભાઈ ચારેલ તથા પાછળ બેઠેલા તેના ભાઈ સુનીભાઈ રાજુભાઈ ચારેલ બંને રોડ ઉપર પટકાતા બંનેને ઓછીવત્તી ઈજાઓ પહોંચી હતી.તેમાં સુનીલભાઈ ચારેલને શરીરે તથા માથાના ભાગે ફ્રેકચર થયુ હતુ. આ બંને ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે ઝાયડસ હોસિપટલ દાહોદ ખાતે ખસેડાયા હતા.ઉપરોકત અકસ્માત સંદર્ભે રમેશભાઈ ખેતાભાઈ ગરાસીયાનાઓએ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા મોટરસાયકલ ચાલક સતીશભાઈ રાજુભાઈ ચારેલની વિરુદ્ધમાં અકસ્માત મોત અન્વયે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# હાલોલ તાલુકાના અંતરીયાળ તાડીયા ખાતે સસ્તા અનાજની દુકાનના રાશનકાર્ડધારકો માટે ઘર આંગણે કેમ્પનું આયોજન કરી સ્થળ ઉપર નિકાલ કરાયો

હાલોલ,

હાલોલ તાલુકાના અંતરીયાળ વિસ્તારના તાડીયા પ્રા.શાળા ખાતે ત્રણ ગ્રામ પંચાયતના રેશનકાર્ડ ધારકોના રાશનકાર્ડ સુધારા અને અપડેટ માટે જીલ્લા પુરવઠા અધિકારી અને હાલોલ મામલતદાર કચેરીના સંયુકત ઉપક્રમે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રાશનકાર્ડમાં નામ દાખલ કરવા, નામોમાં સુધારો, આધાર સાથે મોબાઈલ નંબર લીંઘ કરવા અને ઈ-કેવાયસી જેવી સુવિધા ઘરે બેઠા આપવામાં આવી.

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા દ્વારા હાલોલ તાલુકા મામલતદાર કચેરીની ટીમ સાથે રાખી હાલોલ તાલુકાના અંતરીયાળ ગામ તાડીયા ખાતે રાશનકાર્ડ સુધારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તાડીયા, સોનીપુરા અને કબીરપુરા ગ્રામ પંચાયતના છ જેટલા ગામોના તાડીયા સરકારી સસ્તા અનાજની દુકાનમાં સમાવિષ્ટ ૩૮૭ જેટલા રાશનકાર્ડ ધારકોને હલોલ તાલુકા મથક સુધી લાંબા થયું ન પડે તેમજ લાઈનોમાં ઉભા રહી ધકકા ખાવા ન પડે તેવા આશયથી તાડીયા પ્રાથમિક શાળા ખાતે તંત્ર દ્વારા દ્વારા કેમ્પનું આયોજન કરી રાશનકાર્ડ ધારકોને બેઠા સુવિધા આપવામાં આવી. આ કેમ્પમાં રાશનકાર્ડમાં નામ ઉમેદવાર નામ કમી કરવા, નામ સુધારો, ડુપ્લીકેટ રાશનકાર્ડ આપવું, એન.એફ.એસ.એ. રાશનકાર્ડ કરવા, રાશનકાર્ડ ધારકોના મોબાઈલ નંબર આધાર સાથે લીંક કરવા તેમજ આધાર અને રાશનકાર્ડની ઈ-કેવાયસીની કામગીરી કરવામાં આવી. કેમ્પમાં ૪૫૦ જેટલા રાશકાર્ડ આવ્યા હતા. તમામ કાર્ડધારકોની તમામ અરજીઓ તેમજ આધાર સાથે મોબાઈલ લીંકની કામગીરી સ્થળ ઉપર પુરી કરી નિકાલ કરવામાં આવ્યા.

# દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં ૪૦ વર્ષીય વ્યકિતએ હોસ્પિટલના ધાબા પરથી નીચે પડતાં મોત

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ ઝાયડસ હોસ્પિટલમાં એક ૪૦ વર્ષિય વ્યકિત દર્દીએ કોઈ અગમ્યકારણોસર હોસ્પિટલના ધાબા પર ચઢી જઈ ધાબા પરથી પડી જતાં મોત નીપજ્યાંનું જાણવા મળે છે. ઘટનાને પગલે હોસ્પિટલ આલમમાં સ્તબ્ધતા સાથે ચકચાર મચી જવા પામી હતી.ગત તા.૧૫મી જુલાઈના રોજ બપોરના ત્રણેક વાગ્યાના આસપાસ દાહોદ શહેરમાં આવેલ ઝાયડસ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૪૦ વર્ષિય દર્દી વેસ્તાભાઈ હીમસીંગભાઈ ડામોર (રહે. ઘુટીયા, નિશાળ ફળિયું, તા. લીમખેડા, જી.દાહોદ) કોઈ અગમ્યકારણોસર હોસ્પિટલની બારીમાંથી હોસ્પિટલના પાછળના દરવાજા ઉપર બનાવેલ ધાબા ઉપર ચઢી ગયાં હતાં અને ધાબા પરથી નીચે પટકાતા તેઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ હોસ્પિટલના સત્તાધિશો, સ્ટાફ તેમજ હોસ્પિટલમાં આવેલ લોકોને થતાં સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો.આ સંબંધે રાજુભાઈ હીમસીંગભાઈ ડામોરે દાહોદ એ ડિવીઝન પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોટા નેતાઓ સાથે લાંબી પહોચ હોવાનું જણાવી ઉડાવી દેવાની ધમકી અપાઈ હોવાના અરજદારના આક્ષેપો

કેટલાક બની બેઠેલા રાજકારણી લોકો પોતાની રાજકારણમાં મોટા નેતાઓ સાથે લાંબી પહોચ હોવાની ગુલબાંગો ઠોકી આમ પ્રજાને ધમકાવવાના કિસ્સા બનતા રહે છે. તેવી જ રીતે ફતેપુરા નગરમાં રહેતા એક યુવાનને કરોડીયા પૂર્વ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ દ્વારા મોટા રાજકારણીઓ સાથે પોતાને સારા સંબંધો હોવાનું જણાવી યુવાનને ગમે ત્યારે ઉઠાવી જઈ, ઉડાવી દેવાની ધમકી આપતા પીડિત યુવાને ફતેપુરા પોલીસ સ્ટેશનમાં લેખિતમાં અરજી આપી હોવાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લાના ફતેપુરા નગરમાં રહેતા કલાલ મનોજકુમાર નરેશભાઈનાઓએ ફતેપુરાના કરોડિયા પૂર્વ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ કલાલ હિતેશભાઈ નટવરલાલની વિરૂદ્ધમાં લેખિત ફરિયાદ આપતા જણાવ્યું હતું કે, મનોજકુમાર કલાલને હિતેશ કલાલ સાથે કોઈપણ જાતની લેવા દેવા કે અદાવત નથી. તેમ છતાં અવાર-નવાર હિતેશ કલાલ દ્વારા મનોજ કલાલને મારી નાખવાની ધમકીઓ આપતો રહેછે. તેમજ આ ડેપ્યુટી સરપંચ દ્વારા કેટલીક વાર મનોજભાઈ કલાલને જાતિ અપમાનિત માં-બેન સમાણી બિભિત્સ ગાળો આપી હું તને પતાવી દઈશની ધમકીઓ આપતો રહેતો હોવાનો અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે ગત ૧૨ જુલાઈના રોજ પણ ખુલ્લેઆમ મનોજકુમાર કલાલને ધમકીઓ આપતા જણાવ્યું હતું કે, મારી પહોચ ઘણી લાંબી છે, મારી જોડે દાહોદ જીલ્લાના બહુ મોટા નેતાઓ છે, અને હું તને ગમે ત્યારે ઉઠાવી ઉડાવી દેવડાવીશ તેવી ધમકીઓ આપતા મનોજકુમાર કલાલે ફતેપુરા પોલીસને અરજી આપતા જણાવ્યું હતું કે, પોતાને નાના સંતાનો હોય અને પોતે એકલા હોય અવાર-નવાર કામ અર્થે બહાર નીકળવું પડતું હોય છે અને પોતાને કાંઈ પણ થાય તો તેની જવાબદારી હિતેશ કલાલની રહેશે અને પોતાના ઉપર ગમે ત્યારે હુમલો થાય તેમ હોવાનું જણાવ્યું છે અને વધુમાં જણાવ્યું હતું કે,હિતેશ કલાલ વર્ષ ૨૦૦૨ના કોમી તોફાનોમાં પણ સંડોવાયેલા હોવાના આક્ષેપો અરજીમાં કરવામાં આવેલ છે. તેમજ હાલમાં પણ હિતેશ કલાલ ખુલ્લી ધાક ધમકીઓ આપવામાં માહિર હોવાનું જણાવ્યું છે. જેથી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી મનોજ કલાલ દ્વારા લેખિત ફરિયાદમાં કરવામાં આવતા ફતેપુરા પોલીસ હરકતમાં આવતા તાત્કાલિક ગ્રામ પંચાયતના કરોડીયા પૂર્વના ડે સરપંચને પોલીસ દ્વારા લાવી અટકયાદી પગલાં લેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

## આપની આજ.......

મેષઃ આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે. આજે પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના છે.

વૃષભઃ ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે.

મિથુનઃ આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો. જીવનસાથી સાથે આજનો દિવસ ખૂબ જ મધુર રહેશે.

કર્કઃ આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો. તમારું મન શાંત અને ખુશ રહેશે.

સિંહઃ જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો. આજે સંભવ છે કે તમારા પર કોઈ બાબતનો આરોપ મૂકવામાં આવશે.

કન્યાઃ આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો. જો તમારા પૈસા ક્યાંક અટકેલા છે તો તમે આજે મેળવી શકો છો.

તુલાઃ આજે આવક કરતા વધુ ખર્ચ થશે. બાળક દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્યથી તમારું માન વધશે. તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

વૃશ્ચિકઃ આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો. ભૌતિક આરામ પર ખર્ચા વધુ થશે.

ધનઃ આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. આજે તમને દરેક ક્ષેત્રમાં લાભ મળશે.

મકરઃ આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

કુંભઃ આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

મીનઃ આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ પણ વધી શકે છે. ધ્યાનમાં રાખો કે આજે કોઈને પૂછ્યા વિના સલાહ ના આપો, નહીં તો તેનાથી વિપરીત અસર તમારા પર પડી શકે છે. પુણ્યની કામગીરીમાં રાતનો સમય વિતાવશો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ નગર પાલિકા પ્રમુખની ચેમ્બરમાં શિસ્તબદ્ધતાના લીરે-લીરાં તું...તું... મેં...મેં..ના દ્રશ્યો



દાહોદ,

દાહોદ નગરપાલિકાની વર્તમાન બોડીમાં છેલ્લા કેટલાય સમયથી ચાલતો આંતરિક વિખવાદ હવે સપાટી પર આવી ચરમ સીમા વટાવી ભાજપની શિસ્તબદ્ધતાના લીર–લીરા ઉડાડતા તું...તું...મે...મે...ના દ્રશ્યો ગતરોજ બપોરે દાહોદ પાલિકા પ્રમુખની ચેમ્બરમાં મીડિયાની હાજરીમાં જોવા મળ્યા હતા. જે પાલિકાના કાઉન્સિલરો વચ્ચે છેલ્લા કેટલાય સમયથીચાલી રહેલી યાદવાસ્થળીના મામલે ઘણું બધું કહી જાય છે.

ગઈકાલે બપોરના સમયે દાહોદના કેટલાક પત્રકાર મિત્રો વરસાદમાં રોડ રસ્તાની સ્થિતિ તેમજ નુકસાન બાબતે માહિતી મેળવવા દાહોદ નગરપાલિકાના પ્રમુખની ચેમ્બરમાં ગયા હતા અને તે બાબતે પાલિકા પ્રમુખ સાથે ચર્ચા ચાલી રહી હતી. તે સમયે દાહોદ નગરપાલિકાના માજી પ્રમુખ અને પક્ષના માજી નેતા રાજેશભાઈ સેહતાઈ પાલિકા પ્રમુખની ચેમ્બરમાં આવ્યા હતા. અને ગત સભા બાદ પાછળથી જે નવા કામો ઉમેરવામાં આવ્યા હતા. તે પૈકીના કેટલાક કામોમાં કંઈક એવું છે કે જે પ્રજાના હિતમાં નથી, નગરપાલિકાના હિતમાં નથી અને નગરપાલિકાને આર્થિક નુકસાન થાય તેવી શંકા વ્યક્ત કરી પ્રોસિડિંગની માંગણી કરી હતી. ત્યારબાદ પ્રમુખ ગોપીભાઈ દેસાઈ તેમજ રાજેશભાઈ સેહતાઈ વચ્ચે તું તું મે મે ના દ્રશ્યો સર્જાતા ભાજપની શિસ્તબદ્ધતાના પત્રકાર મિત્રોની હાજરીમાં લીરે લીલા ઉડ્યા હતા. આ રીતે છેલ્લા કેટલાય સમયથી દાહોદ નગરપાલિકાની વર્તમાન બોડીમાં ચાલતો આંતરિક વિખવાદ સપાટી પર આવી ચરમ સીમા વટાવી ગયો હતો.

દાહોદ નગરપાલિકાની વર્તમાન બોડીમાં ચાલતા આંતરિક વિખવાદે અત્યાર સુધીમાં ઘણા બધા રંગ બદલ્યા છે. જેના ભાગરૂપે નગરપાલિકાના ૩૬ કાઉન્સિલરોમાથી ચોક અલગ કરીને બેઠેલા ૨૪ જેટલા કાઉનશીલરો પૈકીના મોટાભાગના કાઉન્સિલરોએ પાલિકામાં હાજરી આપવાનું ટાળ્યું. અને પાડોશી રાજ્યમાં સહેલગાહે ઉપડી ગયાહતા. ત્યારબાદ નગરપાલિકામાં અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવાની વાત ચર્ચામાં આવી અને તેની પણ થોડા દિવસમાં જ હવા નીકળી ગઈ. અને ત્યારબાદ બોર્ડની મીટીંગ બોલાવવાની માગણી કરતું આવેદનપત્ર કલેક્ટરને આપવામાં આવ્યું. આવા તમામ પ્રયાસો કરવા છતાં ૨૪ કાઉન્સિલરોના અલગ ચોકાને ધાર્યું પરિણામ ન મળતાં આ વિવાદનો અંત હજી ક્યારે આવશે તે હાલના તબક્કે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. આ સમયે દાહોદ પાલિકા પ્રમુખની ચેમ્બરમાં ઉપસ્થિત પત્રકારો સમક્ષ પાલિકાના પ્રમુખ ગોપીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં એક કોન્ટ્રાક્ટરને મૌખિક સૂચના આપીને લાખો રૂપિયાના કામ કરાવવામાં આવ્યા છે. કોઈપણ પ્રકારના વર્ક ઓર્ડર, ટેન્ડર પ્રક્રિયા કે કોઈપણ પ્રકારના પેપર વર્ક વગર લાખો રૂપિયાનું પેમેન્ટ ચૂકવી દેવાનો મારા પર દૂરાગ્રહ રાખવામાં આવતા મેં આ ખુરશી પર બેઠા પછી તેઓને આ બાબતે સ્પષ્ટ શબ્દોમાં ના પાડી દીધી છે. પેપર વર્ક વગરને અમારી ભાષામાં જપ ડી કહેવાય છે. આપ સૌ પત્રકારો મિત્રોને મારી વિનંતી કે જપડી બાબતની બધી જ માહિતી લઈ લો. જપ ડી ના તમામ ખોટા હુકમો ભૂતકાળમાં અહીંથી થયેલા છે. અને તે ખોટું નુકસાન દાહોદ નગરજનોના ટેક્સના પૈસામાંથી હું તેનું પેમેન્ટ આપીને કરવા માંગતો નથી. એટલા માટે આ લોકોને તકલીફ છે. ખરેખર દુખે પેટ અને કૂટે માથું જેવી તેઓની સ્થિતિ છે. સાથે સાથે ભૂતકાળની બોડી અને ભૂતકાળના સત્તાધિશો વિરૂદ્ધ અત્યારે કમિશનર, સીએમ લેવલ તેમજ વિજીલન્સ માંથી ઘણા બધા ચેકિંગ આવેલા છે. તેના જવાબ તેમની તરફેણમાં આપવા માટે મારા પર દબાણ કરવામાં આવી રહ્યું છે. એ દબાણ બાબતે મારી એટલી ખુલ્લી વાત છે કે, હું માત્ર સરકારને નગરપાલિકાના હિતમાં જ જવાબ આપીશ. તેમની તરફેણમાં તો જવાબ નહીં જ આપું. રાજેશભાઈ સેહતાઈએ પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે, બજેટ સાથેની ગત સામાન્ય સભામાં પ્રોસિડિંગ બાદ ૧૧ જેટલા કામો ઉમેરવામાં આવ્યા હતા. જે પૈકીના ત્રણ કામોની ચર્ચા થઈ હતી. અને બાકીના વધારાના સાધનો ખરીદીના તેમજ રોડના કામોમાં એવું છે કે જે પ્રજાના હિતમાં નથી, નગરપાલિકાના હિતમાં નથી અને નગરપાલિકાને આર્થિક નુકસાન થાય તેવી અમને શંકા છે. એટલે અમે પ્રોસિડિંગની માગણી કરીએ છીએ અગાઉ મેં ચીફ ઓફિસર પાસે પણ પ્રોસિડિંગની માંગણી કરી હતી. પરંતુ તેઓએ પણ હજી સુધી આપ્યું નથી. અમારી શંકાનું સમાધાન ત્યારે જ થશે. જ્યારે અમારી પાસે પ્રોસિડિંગ આવશે અને વધારાના કામ છે, તેમાં શું લીધું તેની ઊંડાણમાં જઈશું. ત્યારે ખ્યાલ આવશે કે, શંકા સાચી છે કે ખોટી.

# લીમખેડામાં ઈંગ્લીશ દારૂ સાથે ઝડપાયેલ બોલેરો ગાડી પ્રકરણમાં DYSP ડ્રાઈવરની હેરાફેરીમાં સંડોવણી બહાર આવતાં અટકાયત કરાઈ

દાહોદ,

એકાદ સપ્તાહ પહેલા દાહોદ એલસીબી પોલીસે લીમખેડા નગર માંથી એક બોલેરો ફોર વ્હીલર ગાડી માંથી રૂા.૧,૬૨,૪૮૦ના વિદેશી દારૂના જથ્થા સાથે ગાડીમાં સવાર બે ઈસમોની અટકાયત કરી હતી.ફ જ્યારે એક ઈસમ નાશી જવામાં સફળ રહ્યો હતો. ત્યારે પોલીસે બોલેરો ગાડી મળી કુલ રૂા.૬,૬૨,૪૮૦નો મુદ્દામાલ કબજે કરી આ અંગે તપાસનો ધમધમાટ આરંભ કરતાં પોલીસ તપાસમાં ચોંકાવનારી હકીકત સામે આવતાં દાહોદ જીલ્લા પોલીસ વિભાગમાં સ્તબ્ધતા સાથે ચકચાર મચી જવા પામી હતી. આ વિદેશી દારૂની હેરાફેરીમાં ખુદ લીમખેડાના ડીવાયએસપીના ડ્રાઈવર ભુપેન્દ્રભાઈ યશવંતસીંહ રાઠોડની ભુમિકામાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાનું પોલીસ સામે ફલીત થતાં પોલીસ વિભાગ ખુદ અચંબામાં મુકાઈ ગઈ હતી. દાહોદ એલસીબી પોલીસે તાત્કાલિક ધોરણે ડીવાયએસપીના ડ્રાઈવર ભુપેન્દ્ર રાઠોડની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૦૬ જુલાઈના રોજ દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે લીમખેડાના વિશ્રામગૃહ પાસે રસ્તા પર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક બોલેરો ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને બોલેરો ફોર વ્હીલર ગાડી નજીક આવતાં સાથે તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીમાં સવાર ચાલક રીતેશભાઈ મકનસીંહ ચૌહાણ અને તેની સાથેનો વિશાલભાઈ હિમસીંગ બારીયા (બંન્ને રહે. મધ્યપ્રદેશ)નાઓની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળતાં પોલીસે બોલેરો ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૧૧૦૪ કિંમત રૂા.૧,૬૨,૪૮૦ના પ્રોહી જથ્થા સાથે બોલેરો ફોર વ્હીલર ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૬,૬૨,૪૮૦નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત ઝડપાયેલ બંન્ને ઈસમોની પુછપરછ કરતાં તેઓની સાથે અન્ય એક ઈસમ લક્ષ્મણભાઈ ડામોર (રહે. લીમખેડા, તા. લીમખેડા, જી. દાહોદ)નો પણ હોવાનું જણાવ્યું હતું અને તે દુરથી પોલીસને જોઈ નાસી ગયો હોવાનું ઉપરોક્ત બંન્ને ઈસમોને પોલીસ મથકે લાવી પુછપરછનો દૌર આરંભ કર્યો હતો અને તેઓના મોબાઈલ ફોનને ટ્રેસીંગ કરતાં તેમાં લીમખેડાના ડીવાયએસપી ભુપેન્દ્રભાઈ યશવંતસીંહ રાઠોડનું નામ અને નંબર સામેલ હોવાનું પોલીસ તપાસમાં સામે આવતાં ખુદ પોલીસ પણ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. પોલીસે ઝડપાયેલ ઉપરોક્ત બંન્ને ઈસમોની સઘન પુછપરછ કરતાં આ વિદેશી દારૂની હેરાફેરીમાં બુટલેગરોની સાથે ભુપેન્દ્રભાઈ રાઠોડની સાંઠગાંઠ હોવાનું સામે આવ્યું હતું અને હેરાફેરીમાં તેઓના વાહનોનું પાયલોટીંગ કરતો હોવાનું પણ પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. આમ, ખુદ લીમખેડાના ડીવાયએસપીના ડ્રાઈવર ભુપેન્દ્રભાઈ રાઠોડની આ વિદેશી દારૂની હેરાફેરીમાં સંડોવણી બહાર આવતાં દાહોદ જીલ્લા પોલીસ બેડામાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ડીવાયએસપીના ડ્રાઈવર ભુપેન્દ્રભાઈ રાઠોડની અટકાયત કરી આ સંબંધે જરૂરી રિપોર્ટ જીલ્લા પોલીસ વડા સહિતના સંબંધિત પોલીસ વિભાગને મોકલી આપી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ગૌરીવ્રતનો આરંભ થતાં કુંવારીકાઓ ઉપવાસ કરી ભગવાન ભોળાનાથની પૂજા કરી રીઝવશે

દાહોદ,

ગૌરીવ્રત એ માતા પાર્વતી વ્રતથી પણ ઓળખાય છે. ત્યારે આજથી ગૌરીવ્રતના આરંભ સાથે કુંમારીકાઓ પાંચ દિવસ સુધી નકોડા ઉપવાસ કરી ભગવાન ભોળાનાથને રીઝવવાનો પ્રયાસ કરશે ત્યારે દાહોદ શહેર શહેર સહિત જીલ્લાના બાગ, બગીચાઓમાં પાંચ દિવસ સુધી અવર જવર જોવા મળશે.

કહેવાય છે કે, કુમારીકા સાચા મનથી ગૌરીવ્રત કરી ભગવાન ભોલેનાથને રીઝવવામાં સફળ થાય છે, તે કુમારીકાને ભોળાનાથ ભગવાન ભોલેનાથ મનગમતો મુરતીયો આપે છે. સાથે સાથે તેના પરિવારજનોનુ પણ જીવન સંકટ મુક્ત ખુશખુશાલ કરે છે. જેથી હિન્દુ શાસ્ત્રો પ્રમાણે હિન્દુ સમાજની કુમારીકાઓ, નાની બાળાઓ પાર્વતિ વ્રત ઉજવે છે અને આ અવસરે શિવ આરાધનામાં તલ્લીન થઈ ભગવાન શિવને રિઝવવા ગૌરીવ્રત તથા પાર્વતિ વ્રતનો કઠણ પરિશ્રણ કરે છે. વ્રતના દિવસોમાં કુમારીકાઓ અનાજ, કઠોળ, શાકભાજીનો ત્યાગ કરી માત્ર ફળફદાદી, સુકામેવા તેમજ દુધ સહિતનો આહાર આરોગી વ્રત કરે છે. એક બાજુ મોંઘવારીના દિવસોમાં આવતા ગૌરીવ્રત તથા જયાપાર્વતી વ્રત ટાણે સુકા મેવાના આસમાને ચઢેલા ભાવોના કારણે ગરીબ તેમજ મદયમ વર્ગીય દિકરીઓના વાલીઓ ફુલ નહી તો ફુલની પાખડી સમાન પણ સુકો મેવા ખરીદી વ્હાલી દિકરીઓની ગૌરીવ્રત ટાણે તેમની ફરમાઈશો પુર્ણ કરી ખુશ રાખવાના પ્રયત્નો કરતા હોય છે. દાહોદ શહેરમાં પણ આજથી પ્રારંભ થયેલ ગૌરીવ્રતનો કુમારીકાઓ તેમજ નાની બાળાઓએ ગૌરીવ્રતની ધામધુમ પુર્વક ઉજવણી કરી છે. આજથી દાહોદ શહેરના શિવ મંદિરો કુમારીકાઓ દર્શનાર્થે ભારે ઘસારા વચ્ચે ઘંટોના રણકાર વચ્ચે ગુંજી ઉઠ્યા હતા. ત્યારે સાંજના સમયે પંથકમાં હરવા ફરવાના સ્થળોએ કુમારીકાઓના મોજમસ્તીના ઉત્સાહ વચ્ચે ભરચક થઈ પડેલ નજરે ચડ્યા હતા.

# દાહોદમાં મોહરમના પર્વને લઈ રેલ્વે સ્ટેશનમાં ચેકીંગ કરાયું



દાહોદ,

દાહોદ શહેરમાં મોહરમ પર્વને લઈ રેલ્વે સ્ટેશન ખાતે રેલ્વે પોલીસ દ્વારા પરિસરમાં આવતા જતાં મુસાફરો સહિત વાહનોની તલાસી હાથ ધરવામાં આવી હતી.

દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે શાંતિ પૂર્ણ માહોલમાં મોહરમ પર્વની ઉજવણી કરવામાં આવે અને કોઈ અઘટીત ઘટના ન બને એવા ભાવ સાથે બીડીડીએસ રાજકીય રેલ્વે પોલીસ દ્વારા દાહોદ શહેરમાં મોહરમ પર્વને લઈ ચેકીગ હાથ ધરાઈ. જેમાં દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે આવતા જતા મુસાફરનો માલ સામાન અને રેલ્વે સ્ટેશનની બહાર પાર્કિંગમાં ઉભેલા રહેલ કાર અને મોટરસાઈકલ વાહનોને બીડીડીએસ રાજકીય રેલ્વે પોલીસ અને આરપીએફ દ્વારા ચેકીગની કામગીરી હાથ ધરાઈ હતી.

# દાહોદ જીલ્લા પંચાલ સમાજ મહિલા મંડળ દ્વારા જીલ્લાકક્ષાની રંગોળી/લગ્નગીત તેમજ હાલરડાં સ્પર્ધા યોજવામા આવી

દાહોદ,

દાહોદ જીલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ પ્રેરીત દાહોદ જીલ્લા પંચાલ સમાજ મહીલા સંગઠન દ્વારા પંચાલ સમાજની મહીલાઓમાં ગીત ગાવા તેમજ સ્ટેજ ઉપર પોતાની કૌશલ્યતા બહાર આવે તે હેતુથી દાહોદ જીલ્લાના અલગ અલગ ઝોન દીઠ પ્રતિયોગીતા યોજવામાં આવી હતી. જેમા ઝોનમાં પ્રથમ નંબરે આવ્યા હતા. તેમની જીલ્લાની પ્રતિયોગીતા રાખવામા આવી હતી. જેમા દાહોદ, ઝાલોદ, લીમડી, લીમખેડા, સુખસર, ફતેપુરા, સંજેલી, ગરબાડા ઝોન માંથી મહિલાઓએ ભાગ લીધો હતો. ઝાલોદ ઝોન માંથી હાલરડામાં પ ગૃપ, રંગોળીમાં ૬ ગૃપ તેમજ લગ્ન ગીતમાં ૪ ગૃપ લોકોએ ભાગ લીધો હતો. લીમડી ઝોન માંથી હાલરડામાં ૭ ગૃપ, રંગોળીમાં ૭ ગૃપ તેમજ લગ્ન ગીતમાં ૧૨ ગૃપ લોકોએ ભાગ લીધો હતો. સુખસર ઝોન માંથી હાલરડામાં ૪ ગૃપ, રંગોળીમાં ૭ ગૃપ તેમજ લગ્ન



ગીત મા ૪ ગૃપ લોકોએ ભાગ લીધો હતો. સંજેલી ઝોન માંથી હાલરડામાં ૨ ગૃપ, રંગોળીમાં ૩ ગૃપ તેમજ લગ્ન ગીતમાં ૨ ગૃપ લોકોએ ભાગ લીધો હતો. લીમખેડા ઝોન માંથી હાલરડામાં ૨ ગૃપ, રંગોળીમાં ૭ ગૃપ તેમજ લગ્ન ગીતમાં ૬ ગૃપ લોકોએ ભાગ લીધો હતો. દાહોદ ઝોન માંથી હાલરડામાં ૮ ગૃપ, રંગોળીમાં ૧૦ ગૃપ, તેમજ લગ્ન ગીતમાં ૧૧ ગૃપ લોકોએ ભાગ લીધો હતો. ગરબાડા ઝોન માંથી હાલરડામાં પ ગૃપ, રંગોળીમાં ૧૧ ગૃપ તેમજ લગ્ન ગીતમાં ૧૩ ગૃપ લોકોએ ભાગ લીધો હતો. દાહોદ જીલ્લા માંથી હાલરડામાં ૩૩, રંગોળીમાં પ૧ અને લગ્ન ગીતમાં પર જેટલા ગૃપો એ ભાગ લીધો હતો. આ પ્રતિયોગીતામાં ભાગ લેનારામાં પ્રથમ આવનારને શીલ્ડ તેમજ કાર્યક્રમમાં ભાગ લેનારા સીનિયર સીટીઝનનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ભાગ લેનારા તમામને સન્માનિત કરવામા આવ્યા હતા. આખા કાર્યક્રમમાં ખાસ વાતએ રહી કે, મોટી ઉંમરના મહિલાઓએ પણ લગ્ન ગીત અને હાલરડા ગાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં દાહોદ જીલ્લા પંચાલ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ પરેલ સી સાઈડ ખાતે રહેતી પરણિતાને પતિ અને સાસરીયાએ ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરની એક ૩૧ વર્ષિય પરણિતાને તેના પતિ તથા સાસુ દ્વારા દહેજની માંગણી કરી શારિરીક તેમજ માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષીત્રાસથી વાજ આવેલ પરણિતાએ ન્યાયની માંગણી સાથે દાહોદ મહિલા પોલીસ મથકના દરવાજા ખટખટાવ્યાંનું જાણવા મળે છે.હાલ પોતાના પિયર દાહોદ શહેરના પરેલ સી સાઈડમાં રહેતાં ૩૧ વર્ષિય પરણિતા અંજનાબેન રાજુભાઈ રાઠોડના લગ્ન તારીખ ૧૧.૦૫.૨૦૧૮ના રોજ તેઓના સમાજના રીતિ રિવાજ મુજબ દાહોદ શહેરના ગોદી રોડ ખાતે સાઈ કૃષી સોસાયટીમાં રહેતાં નવીનભાઈ કુંદનભાઈ ડામોર સાથે થયાં હતાં. લગ્નના એક વર્ષ જેટલું પરણિતા અંજનાબેનને તેના પતિ નવીનભાઈ તથા સાસુ સીતાબેન કુંદનભાઈ ડામોર દ્વારા સારૂ રાખ્યાં બાદ તેઓનું પોત પ્રકાશ્યું હતું અને અવાર નવાર મેણા ટોણા મારી પતિ તથા સાસુ કહેતા હતાં કે, તને તારા બાપના ઘરેથી દહેજમાં કંઈ આપેલ નથી, તું તારા બાપાના ઘરેથી રૂપિયા લઈ આવ, તેમજ કહી બેફામ ગાળો બોલી, શારિરીક અને માનસીક ત્રાસ આપી પરણિતા અંજેનાબેન સાથે મારઝુડ કરી મારી નાંખવાની ધમકીઓ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા અંજાનાબેન દ્વારા દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆ તાલુકામાં વરસાદ ખેંચાતા ખેડુતો ચિંતિત

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના મોટાભાગના ગામડામાં ૧૫ દિવસ અગાઉ વરસેલા ધીમા વરસાદમાં માંડ માંડ ખેતરની ખેડ ભીંજાતા ખેડુતોએ વરસાદ થોડા દિવસમાં સારો આવશે તેવા વિશ્વાસથી પોતાની ખેતી કરી દીધી હતી. પરંતુ ચોમાસુ સત્રના વરસાદની કહેવત છે કે ,મેઘનુ અને મોતનુ કંઈ નકકી નહિ એ કહેવત મુજબ ચોમાસુ સમય વિતી રહ્યો છે. પણ હજુ દે.બારીઆ તાલુકામાં ધોધમાર વરસાદ નહિ વરસતા ગામડાના નદીનાળા, કોતર, તળાવ, કુવા, ચેકડેમ, હજુપણ ખાલી ખમ જોવા મળી રહ્યા છે.દે.બારીઆ તાલુકાના પીપલોદ, મોટીઝરી, અસાયડી, ભથવાડા, અંતેલા, પંચેલા, સાગટાળા, બામરોલી, દુધિયા, કાળીડુંગરી પંથકમાં વરસાદ ખેંચાતા ખેડુતો પોતાનો પાક નિષ્ફળ જશે તે ચિંતામાં મુકાયા છે.

# ઝાલોદ પાલિકાની પ્રી.મોન્સૂન કામગીરી ફક્ત કાગળ પર : વરસાદી પાણીના નિકાલ માટેની મોટી કેનાલમા ઝાડી ઝાંખરા ઉગી નીકળ્યા

ઝાલોદ,

ઝાલોદ નગરપાલિકા દ્વારા પ્રી. મોન્સૂન અન્વયે નગરમાં કોઈપણ જાતની નક્કર કામગીરી કરી હોય તેવું જોવા મળતું નથી. નગરમાં ખાડાઓ, ગટર લાઈન પર લોખંડની જાળીનો અભાવ, વરસાદ વધારે આવે તો તેના પાણીનો નિકાલ આ બધી કામગીરી કદાચ ફક્ત કાગળ પર કામ દર્શાવવા કરી હોય કેમકે નગરમાં આવી બધી કામગીરીમાં પાલિકા તંત્ર સુસ્ત હોય તેમ લાગી રહેલ છે.

ઝાલોદ નગરમાં જો વરસાદ વધુ વરસે અને નગરનું રામસાગર તળાવ જો ભરાઈ જાય તો તે પાણીના નિકાલ માટે જે ખુલ્લી ગટર બનાવવામાં આવેલ છે, તે ગટર લાઈનની સફાઈ પાલિકા દ્વારા કરવામાં આવેલ નથી. તળાવના પાણીના વરસાદી માટે બનાવવામાં આવેલ કેનાલોમા જંગલી વનસ્પતિનું સામ્રાજ્ય વધી ગયેલ છે. ઝાલોદ શિવમ પેટ્રોલ પંપ પાસે પાલિકાની તળાવના વરસાદી



પાણીના નિકાલ માટેની કેનાલ જોઈએ તો ત્યાં મોટી મોટી વનસ્પતિ ઉગી ગયેલ છે. વળી આટલી મોટી સંખ્યામાં વનસ્પતિ કેનાલમાં ઉગી નીકળતા ત્યાં જીવ જનાવર પણ હોય શકે... પાલિકા દ્વારા બે વર્ષ પહેલા બનાવેલ મોટી ગટર લાઈનનું પાણી પણ આ ગટરમાં જ જાય છે. વધારે વરસાદ પડે તો આ કેનાલમાં ભરાયેલ પાણી પાસેની સોસાયટીમા ભરાઈ જાય છે, તેથી વધુ પાણી જો આવે અને પાસેની સોસાયટીના રહીશોના ઘરમાં જો પાણી ભરાઈ જાય તો નાના મોટા જનાવર ઘરમાં આવી જાય તેવો ડર સતત અહીંના રહેવાસીઓને સતાવે છે. વર્ષો થી વધુ વરસાદ પડે ત્યારે મુખ્ય માર્ગો પર પણ પાણી આવી જાય છે, તો પાલિકાએ નગરની આ સમસ્યાને ધ્યાને કેમ લીધી નથી. હાલ કુંભકર્ણની નિંદ્રામાં આરામ ફરમાવતા સત્તાધીશોની આંખો ક્યારે ખુલશે. તેઓ પ્રશ્ન અહીંના રહીશોને સતાવી રહેલ છે. નગરના લોકો ચર્ચા કરી રહેલ છે. પાલિકાને પ્રી.મોન્સૂન કામગીરી માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તો આ ગ્રાન્ટ ક્યાં વપરાય છે...? પાલિકાને પ્રી.મોન્સૂનની કામગીરી માટે મળતી ગ્રાન્ટનો વહીવટ ફક્ત કાગળ પર થાય છે કે શું ....? કાગળ પર ગ્રાન્ટ વપરાતી હોય તો આ ગ્રાન્ટ કોણ બારોબર ઉપાડી લે છે....? આવા પ્રશ્નો નગરમાં ચર્ચાતા જોવા મળી રહેલ છે. બીજી બાજુના પાસામાં એવી પણ ચર્ચા છે કે જો પાલિકાને પ્રી.મોન્સૂન માટે ગ્રાન્ટ ન આવતી હોય તો ચોક્કસ પ્લાન બનાવી ગ્રાન્ટની માંગણી કેમ કરવામાં આવી નથી...?

આ બધા પ્રશ્નો વચ્ચે નગરજનોને દરેક તબક્કે ભોગવવાનો વારો આવે છે. પાલિકામા ખુરસી પર બેસી કામ કરતા કર્મચારીઓના અણઆવડતનો ભોગ જાહેર જનતા બની રહેલ છે. ખુરસી પર બેઠા સત્તાધીશો ખુરસી પર થી ઉઠી નગરમાં દરેક વિસ્તારમાં ફરી ત્યાં રહેતા રહેવાસીઓ પાસે સમસ્યા જાણી નગરજનોની સમસ્યા દૂર કરે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે.

# લીમખેડાના જુનાવડીયા ગામે અજાણ્યા વાહન ચાલકે મોપેડને અડફેટમાં લેતાં ચાલક પિતાનું મોત બે પુત્રીઓને ઈજાઓ

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના જુનાવડીયા ગામે એક અજાણ્યા વાહનના ચાલકે એક મોપેટ ટુ વ્હીલર ગાડીને અડફેટમાં લેતાં મોપેટ ટુ વ્હીલર ગાડી પર સવાર એક પિતા તથા તેમની બે પુત્રીઓને પૈકી પિતાના શરીરે ફોર વ્હીલર ગાડીના ચાલકે ટાયર ચઢાવી દેતાં પિતાનું ઘટના સ્થળ પર મોત નીપજ્યું હતું. જ્યારે બંન્ને ઈજાગ્રસ્ત પુત્રીઓને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં.

ગત તા.૧૬મી જુલાઈના રોજ ઝાલોદના સીમલીયા ગામે તળ ફળિયામાં રહેતાં મંગુભાઈ બાબુભાઈ ડાંગી તથા તેમની બે પુત્રીઓ શિવાનીબેન તથા પ્રિતીબેનને લઈ પોતાના કબજાની મોપેડ ટુ વ્હીલર ગાડી પર સવાર થઈ લીમખેડાના જુનાવડીયા ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. તે સમયે કોઈ અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મંગુભાઈની મોપેડ ટુ વ્હીલર ગાડીને અડફેટમાં લેતાં પિતા અને બંન્ને પુત્રીઓ મોપેડ ટુ વ્હીલર ગાડી પરથી ફંગોળાઈ જમીન પર ફંગોળાતાં મંગુભાઈના શરીરે અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાની ગાડીનું ટાયર શરીરે ચઢાવી દેતાં મંગુભાઈને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળ પર મોત નીપજ્યું હતું. જ્યારે તેમની બંન્ને પુત્રીઓને શરીરે ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ સ્થાનીક લોકોને થતાં આ અંગેની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતી હતી. પોલીસ તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને લઈ ઘટના સ્થળે દોડી ગઈ હતી. મૃતક મંગુભાઈના મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરવામાં આવ્યાં હતા. જ્યારે બંન્ને ઈજાગ્રસ્ત પુત્રીઓને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. ઘટનાની જાણ મૃતક મંગુભાઈના પરિવારજનોને થતાં તેઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આ સંબંધે સુમીત્રાબેન મંગુભાઈ ડાંગીએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે અજાણ્યા વાહનના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના ખરોદા ગામે ૪૮ વર્ષીય વ્યકિત અકસ્માતે કુવામાં પડી જતાં મોત

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોદા ગામે એક ૪૮ વર્ષિય વ્યકિત ગામમાં આવેલ એક પાણી ભરેલ કુવામાં અકસ્માતે પડી જતાં મોત નિપજતાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી.

દાહોદના ખરોદા ગામે ગામતળ ફળિયામાં રહેતાં દિનેશભાઈ બચુબાઈ ડામોર પોતાના ગામમાં આવેલ એક પાણી ભરેલ કુવા તરફ ગયાં હતાં. કુવા તરફ જતાં અકસ્માતે દિનેશભાઈ કુવામાં પડી જતાં કુવાના ઉંડા પાણીમાં દિનેશભાઈ ગરકાવ થઈ ગયાં હતા. જેને પગલે તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ પરિવારજનો તેમજ ગ્રામજનોને થતાં લોકટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યાં હતાં. આ ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. અને મૃતક દિનેશભાઈના મૃતદેહને કુવામાંથી બહાર કાઢી નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ હતી.

આ સંબંધે મૃતક દિનેશભાઈના પરિવારના સદસ્ય દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે જાણ કરતાં આ સંબંધે પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.278

# ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પંચમહાલ કોંગ્રેસ અને આપ પાર્ટી કાર્યકરો સાથે બેઠક યોજી




ગોધરા,

પંચમહાલ જીલ્લાની મુલાકાતે આવેલા આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પંચમહાલ જીલ્લાના કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો અને આગેવાનો સાથે બેઠક યોજી હતી અને પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, નેશનલ એજ્યુકેશન સોસાયટી દ્વારા શિક્ષકોની ભરતીમાં ગેરરીતિઓ આચરવામાં આવી છે.

અન્ય રાજયના ૪ હજાર જેટલા હિન્દી ભાષી શિક્ષકોની ભરતી એકલવ્ય મોડેલ સ્કૂલમાં ભરતી કરવામાં આવી છે, હિન્દી ભાષી શિક્ષકોને સ્થાનિક ભાષા આવડતી નથી માટે સ્થાનિક બાળકોનું શિક્ષણ બગડી રહ્યું છે. સ્થાનિક ઉમેદવારોની ભરતી કરવા આવે. ડેડીયાપાડા ધારાસભ્ય ચેતર વસાવા એ રાજ્ય સરકાર પર પ્રહાર કરતા વધુમાં જણાવ્યું હતું કે, ઘોઘંબા હાલોલ મનરેગા સહિત યોજના ભ્રષ્ટાચાર અને શિક્ષણ આરોગ્ય ને લગતી સમસ્યા બાબતે અનેક રજૂઆતો મળી છે. આવનાર સમયમાં હાલોલ કાલોલ નગરપાલિકા અને તાલુકા જીલ્લા પંચાયત ચૂંટણીમાં આમ આદમી પાર્ટી ઉમેદવારો ઉતારશે અને મજબૂતાઈથી લડશે. આમ આદમી પાર્ટી દેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા આજે પંચમહાલ જીલ્લાની મુલાકાત જીલ્લા, અને તાલુકા સંગઠનના પદાધિકારીઓ સાથે બેઠક કરી હતી. સંગઠનલક્ષી માહિતી મેળવી જરૂરી ચર્ચા કરવામાં આવી હતી. સંગઠનના તમામ પદાધિકારીઓ અને આગેવાન કાર્યકરો બેઠકમાં હાજર રહ્યાં હતાં.

# ગોધરા તાલુકાના કોટડા ગામે ચાંદીપુરા વાયરસથી બાળકીના મોત બાદ આરોગ્ય વિભાગની ટીમની તપાસમાં ચાંદીપુરા વાયરસ વાહક સેન્ડ ફલાય માખીઓ મળી



ગોધરા,

ગોધરા તાલુકાના કોટડા ગામે ચાંદીપુરા વાયરસથી બાળકીનું મોત નિપજાવા પામ્યું છે. ત્યારે જીલ્લા આરોગ્ય વિભાગની ટીમો દ્વારા મૃતક બાળકીના ઘરે તેમજ આસપાસના ઘરોમાં તપાસ કરવામાં આવતાં સેન્ડ ફલાય નામની ચાંદીપુરા વાયરસની વાહન ૧૯ માખીઓ મળી આવી હતી. તમામ માખીઓને પરિક્ષણ માટે પૂના ખાતે મેડીકલ આપવામાં આવી છે.

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના કોટડા ગામે ચાંદીપુરા વાયરસનો ભોગ ૪ વર્ષીય બાળકી બની હતી. બાળકીને ગોધરા સિવિલમાં દવા સારવાર બાદ વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં ખસેડતા દવા સારવાર દરમિયાન ચાંદીપુરા વાયરસને લઈને મોત નિપજાવા પામ્યું છે. બાળકીનું ચાંદીપુરા વાયરસને લઈ મોતને પગલે જીલ્લા આરોગ્ય તંત્રની ટીમો મૃતક બાળકીના ઘરે તેમજ આસપાસના ઘરોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ત્યારે મૃતક બાળકીના ઘરમાં તેમજ આસપાસના ઘરો માંથી ચાંદીપુરા વાયરસ ફેલાયની સેન્ડ ફલાય નામની ૧૯ માખીઓ મળી આવી હતી. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ચાંદીપુરા વાયરસ ફેલાવતી ૧૯ માખીઓને પકડીને આ સેન્ડ ફાયર માખીઓને પરિક્ષણ માટે પૂના ખાતે મોકલી આપવામાં આવી છે. ચાંદીપુરા વાયરસ વાહક સેન્ડ ફાયર માખીઓ મળી આવતાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ઘરમાં પડેલ તિરાડો પુરવાની તેમજ દવા છંટકાવ કામગીરી હાથ ધરી છે.

# પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં મુસ્લીમ બિરાદરો મોહરમ પર્વની ઉજવણી કરી



ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં મુસ્લિમ બિરાદારો દ્વારા મોહરમ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સાથે મુસ્લિમ બિરાદારોએ બનાવેલા સુંદર અને કલાત્મક તાજીયાનું જુલુસ પોલીસ બંદોબસ્ત વચ્ચે મોડી સાંજે કાઢવામાં આવશે. ગોધરા શહેરમાં મોડી સાંજે નીકળનારા જુલુસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાશે. જેમાં યા હુસેનના નારા સાથે વાતાવરણ ગુંજી ઉઠશે, સવારથી જ મોહરમ પર્વને લઈને અનોખો ઉત્સવ જોવા મળી રહ્યો છે.ત્યારબાદ સાંજે ગોધરા શહેરના રામસાગર તળાવમાં તાજીયાને ઠંડા કરવામાં આવશે. મોહરમ પર્વને લઈને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા ઠેર-ઠેર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યા છે.દર વર્ષની જેમ આ વર્ષે પણ ગોધરા શહેરમાં મુસ્લિમ સમાજ દ્વારા મોહરમ પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગોધરા શહેરમાં આવેલા બાદશાહ બાવાની ટેકરીમાં 'નો જવાન હુસેની કમિટી' અને એકતા હુસેની કમિટી છકડાવાડા દ્વારા તાજીયાને કલાત્મક શણગારવામાં આવ્યા હતા. મોડીસાંજે તાજીયાનું જુલસ કાઢવામાં આવશે જેને લઈને ગોધરા શહેરમાં મુસ્લિમ બિરાદરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.ગોધરા શહેરમાં બાદશાહ બાવાની ટેકરી ઉપર 'નો જવાન હુસેની કમિટી' દ્વારા મોહરમ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ગોધરામાં મુસ્લિમ બિરાદારો દ્વારા કલાત્મક તાજીયાને શણગારવામાં આવી રહ્યા છે. ગોધરાનગરમાં છકડાવાસ, ખાડી ફળિયા, સૈયદવાડ વગેરે વિસ્તારોમાં મોહરમને લઈને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોહરમ પર્વને લઈને લાયન્સ ક્લબ ગોધરાના પ્રમુખ તાહીર ભટુક, કેતન વર્મા, ભાવેશ બુધવાણી આઈ.એન પરમાર જગદીશ સક્સેના શરીફ ખાન પઠાણ યુસુફ છક્ડા સરફરાજ શેખ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# કાલોલમાં મોહરમ પર્વની પરંપરાગત રીતે ઉજવણી કરાઈ : કલાત્મક તાજીયા આકર્ષકનું કેન્દ્ર બન્યા



કાલોલ,

ઈસ્લામ ધર્મના સ્થાપક પયગંબરે ઈસ્લામ હઝરત મોહમ્મદ સાહેબના દોહિત્ર ઈમામ હુસૈનની શહાદતને યાદ કરીને મુસ્લિમ સમુદાયના લોકો મોહરમની ઉજવણી કરે છે. મહોરમ મહિનાનો દસમો દિવસ સૌથી વિશેષ માનવામાં આવે છે. ઈતિહાસમાં જણાવવામાં આવ્યું છે કે, મોહરમ મહિનાની ૧૦ તારીખે પયગંબરે ઈસ્લામ હઝરત મોહમ્મદના સાહેબના દોહિત્ર પુત્ર હઝરત ઈમામ હુસૈન કરબલાના યુદ્ધમાં શહીદ થયા હતા. તેમને ઈસ્લામના રક્ષણ માટે પોતાનું બલિદાન આપ્યું હતું અને આ યુદ્ધમાં તેમની સાથે તેમના ૭૨ સાથીઓ પણ શહીદ થયા હતા. જ્યારે આ યુદ્ધ સત્ય અને અસત્ય માટેનું હતું. જ્યારે દર વર્ષે મુસ્લિમ બિરાદરો ઈમામ હુસૈનની યાદમાં મોહરમની ઉજવણી કરે છે, જેને લઈ આજે દર વર્ષની જેમ પરંપરાગત રીતે કાલોલ શહેરમાં પણ મોહરમ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નગરના જુમ્મા મસ્જીદ નુરાની ચોક ખાતેથી સાંજના છ વાગ્યાની આસપાસ તાજીયાનું ભવ્ય ઝુલુસ નીકળ્યુ હતું અને નગરના મુખ્ય માર્ગો પર ફરી પોલીસ સ્ટેશન થઈ મામલતદાર કચેરી પાસે આવી પહોંચ્યાં હતા. જ્યાં એકી સાથે અંદાજીત બારથી પંદર કલાત્મક તાજીયા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. મોહરમ પર્વની ઉજવણીને લઈ નગર ખાતે સીનીયર પીએસઆઇ સી.બી.બરડા દ્વારા પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

# ચેર રીર્ટન કેશમાં આરોપીને ૩ માસની સજા અને ૧,૪૦,૦૦૦/-રૂા. ૯ % વ્યાજ સહિત ચુકવવાનો હુકમ

શહેરા,

શહેરા શિવમ સોસાયટીમાં રહેતા ફરિયાદી પુષ્પાબેન હરેશભાઈ ભગત પાસેથી આરોપી દર્શન હિરેનભાઈ આચાર્ય (રહે. હોળી ચકલા, શહેરા) એ મકાન બાંધકામના કોન્ટ્રાકટ પેટે ૧,૭૫,૦૦૦/-રૂપીયા એડવાન્સ લીધા હત અને કોન્ટ્રાકટ છોડી દેતાં એડવાન્સ પેટે આપેલ રૂપીયાની માંગણી કરતાં ૧,૭૫,૦૦૦/-નો ચેક લખી આપ્યો હતો. ચેક બેંકમાં બાઉન્સ થયેલ હોય આ બાબતે કોર્ટમાં ચેક રીર્ટન ફરિયાદ કરેલ આ કેશ કોર્ટમાં ચાલી જતાં આરોપીને કસુરવાન ઠરાવીને ૩ માસની સજા અને ફરિયાદીને ૧,૪૦,૦૦૦/-રૂપીયા ચુકવવાનો આદેશ કરવામાં આવ્યો.

શહેરા ખાતે રહેતા પુષ્પાબેન હરેશભાઈ ભગત પાસેથી દર્શન હિરેનભાઈ આચાર્યએ મકાન બાંધકામના કોન્ટ્રાકટ પેટે ૧,૭૫,૦૦૦/-રૂપીયા એડવાન્સ લીધા હતા અને પરંતુ પાછળથી કોન્ટ્રાકટ છોડી દીધેલ હતા. એડવાન્ડસ રકમની ઉઘરાણી કરતાં આરોપીએ ૧,૭૫,૦૦૦/-રૂપીયાનો ચુક લખી આપેલ આ ચેક બેંકમાં રજુ કરતાં બેલેન્સ ન હોવાથી બાઉન્સ થયેલ હતો. આ ફરિયાદીએ કોર્ટમાં ચેક રીર્ટન ગુનો દાખેલ કરેલ હતો. આ કેશ ત્રીજા જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ જજ એ.વી.વર્માની કોર્ટમાં ચાલી જતાં ફરિયાદીના એડવોકેટ અશોક સામતાણીની દલીલોને ધ્યાને લઈ આરોપીને કસુરવાન ઠરાવીને આરોપી દર્શન હિરેનભાઈ આચાર્યને ૩ માસ કેદ સજા અને ફરિયાદીને ૧,૪૦,૦૦૦/-રૂપીયા વાર્ષિક ૯ ટકાના વ્યાજ સહિત વળતર અને વળતર ન ભરે તો ૩૦ દિવસની સજાનો દાખલો બેસાડતા હુકમ કરવામાં આવ્યો.

# શહેરાના ખટકપુર ગામે ખેડાણ કરેલ ખેતરમાં આરોપીઓએ વાવેતર કરતા રોકવા જતાં ગાળો આપી મારામારી કરતા ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના અટકપુર ગામે જુની હાઈસ્કુલ ફળિયામાં ફરિયાદીએ પોતાનુ ખેતર ખેડાવેલ હતુ. આ ખેતરમાં આરોપીએ બિયારણ ઓરવાનુ કામ કરતા હોય ફરિયાદીએ અમારી જમીન છે કેમ બિયારણ ઓરો છો તેમ કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ગાળો આપી લાકડી વડે એક વ્યકિતને માથામાં મારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકાના ખટકપુર ગામે જુની હાઈસ્કુલ પાસે રહેતા રેવાબેન અર્જુનભાઈ ખાંટ પોતાનુ ખેતર ખેડાવેલ હતુ આ ખેતરમાં આરોપીઓ મનોજભાઈ અમરાભાઈ ખાંટ, મોતીભાઈ અમરાભાઈ ખાંટ, અમરાભાઈ જેસિંગભાઈ ખાંટ, મહેન્દ્રભાઈ મોતીભાઈ ખાંટ, ફરિયાદીના ખેતરમાં બિયારણ ઓરવાનુ કામ કરતા હોય જેથી રેવાબેને અમારી જમીન ખેડાવી છે તેમાં બિયારણ કેમ ઓરો છો તેમ કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી દિલીપભાઈ અર્જુનભાઈને મનોજ ખાંટ હાથમાં રાખેલ લાકડી માથામાં મારી ઈજાઓ પહોંચાડી જયારે અન્ય આરોપીઓએ વચ્ચે છોડાવવા પડેલ વ્યકિતને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવવા પામી છે.

# કાલોલના નાની શામળદેવી ગામેથી એકસુવી કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી કાલોલ પોલીસ





કાલોલ,

જીલ્લા માંથી પ્રોહિબિશનની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે માટે અસરકાર કામગીરી કરવા માટે ઉચ્ચઅધિકારીઓના માર્ગદર્શન અને સૂચના આધારે કાલોલ પોલીસ સ્ટેશનના સિનિયર પીએસઆઇ સી.બી.બરંડાને ચોક્કસ બાતમી મળેલ કે, નાની શામળદેવી ગામે દાદાવાળા ફળિયામાં રહેતો દીપકભાઈ ઊર્ફે બુધો મંગળસિંહ પરમાર તેના ઘર આગળ સિલ્વર કલરની એકસયુવી કારમાં ગાડી નંબર GJ-24-K-6212માં ઇંગ્લિશ દારૂ ભરી મુકેલ છે. જે બાતમીના આધારે કાલોલ પોલીસ સ્ટાફના માણસો સાથે રાખી રેડ કરતા ૧૮૦મિલીના ૫૭૬ નંગ પ્લાસ્ટિકના વિદેશી દારૂ ભરેલ કવાટર રૂા. ૬૬,૨૪૦/તેમજ એકસયુંવી કાર રૂા. ૩,૦૦,૦૦૦/ કુલ મળીને રૂા. ૩,૬૬,૨૪૦/નો મુદ્દામાલ ઝડપી પાડી ગણના પાત્રનો કેસ શોધી કાઢી પ્રોહી કલમો હેઠળ ગુનો નોંધી દીપકભાઈ ઊર્ફે બુધો મંગળસિંહ પરમારને ઝડપી પાડી આગળની કાર્યવાહી સિનિયર પી.એસ.આઈ. સી.બી.બરંડા એ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કાલોલ તાલુકાના બહેનને પરિવાર સાથે મિલન કરાવતી ૧૮૧ અભયમ ટીમ હાલોલ

કાલોલ,

હાલોલ ૧૮૧ મહિલા હેલ્પલાઇન માં મદદ માટે કાલોલ તાલુકા માંથી એક બહેનએ જણાવ્યું કે, તેમની મદદ માટે ૧૮૧માં કોલ કર્યો હતો. તેથી ૧૮૧ ટીમ દ્વારા પીડિત બહેનનું કાઉન્સેલિંગ કરેલ અને આશ્વાસન આપતા બહેન સાથે વાતચીત કરતા તેઓ હાલોલ તાલુકાના એક ગામમાં રહેવાસી હોય અને બહેનની સાસરી ડેસર તાલુકાના ગામની હોવાથી ઘરેથી રિસાઈને નીકળી આવ્યા હોય. તેથી ૧૮૧માં ફોન કરી મદદ લીધી. આમ, ૧૮૧ ટીમ દ્વારા પીડિત બહેનનું કાઉન્સેલિંગ કરેલ. તેમની પાસે સમગ્ર માહિતી મેળવી. બહેનનું સરનામું મેળવી બહેન ડેસર તાલુકાના એક ગામના રહેવાસી હોય અને તેમના પતિ સાથે વાતચીત કરી હોય. તેથી તેઓ સાસરીમાં જવા માંગતા હોવાથી તેમના પતિ લેવા આવતા તેમના પતિને સોંપવામાં આવી.

# ગોધરા પાલિકાના કર્મચારીઓના ૩ માસથી પગાર અને પેન્શન ચુકવાતુ નથી

ગોધરા,

ગુજરાતની ૧૦૭ નગરપાલિકાઓ દેવાળુ ફુંકવાની અણી પર છે. જેમાં ગોધરા પાલિકાનો પણ સમાવેશ થાય છે.ગોધરા નગરપાલિકાના ચુંટાયેલા જન પ્રતિનિધિઓ વહીવટ કામગીરી સંભાળવા નિષ્ફળ ગયા છે. પાલિકાની આર્થિક સ્થિતિ ઓક્સીજન પર હોય તેમ લાગી રહ્યુ છે. પાલિકાઓની તિજોરીઓ ખાલીખમ થઈ ગઈ છે. કયારેક પાલિકાઓને વીજ બિલ ભરવાના પૈસા ખુટે છે. તો ક્યારેક કર્મચારીઓને ચુકવવા માટે પગારના પૈસા ખુટે છે. ગોધરા પાલિકા બાકી કરવેરાની ૨૮ કરોડની રકમની વસુલાત કરવામાં પણ ઉણા ઉતર્યા છે. જેથી હાલની સ્થિતિ એવી છે કે પાલિકાઓ પાસે આવકનો કોઈ સ્ત્રોત નથી. જેથી પાલિકા પોતાના કર્મચારીઓને ત્રણ માસથી પગાર ચુકવી શક્યા નથી. એપ્રિલ માસનો પેન્શનરોનો પગાર બાકી બોલે છે. બાકીના મે અને જુન માસનો પગાર કાયમી રોજમદાર સહિત કર્મચારીઓનો પગાર આવક નહિવત હોવાથી ચુકવી શક્યા નથી. પાલિકાને શહેરીજનો પાસેથી ચાલુ વર્ષ અને પાછલા વર્ષના વેરા પેટે ૨૮ કરોડની વસુલાત બાકી બોલે છે. પાલિકાની ભાડાની દુકાનનો મામલો કોર્ટમાં હોવાથી ભાડાની આવક બંધ છે. જેના લીધે પાલિકાને દર માસે આશરે એક કરોડની આવક સામે પગાર, ઈંધણ સહિત ૨.૫૦ કરોડ ખર્ચ થાય છે. જેના લીધે પાલિકા પેન્શન સહિત કર્મચારીઓના ત્રણ માસથી પગાર ચુકવી શકતી નથી. ગોધરા પાલિકાની હાલ આર્થિક સ્થિતિ ખખડી જતાં મુખ્યમંત્રી આવનાર દિવસોમાં પાલિકા અને ચીફ ઓફિસરને બોલાવીને સમીક્ષા કરવાના છે. જેમાં પાલિકાના સત્તાધિશોને મહેકમ અને આર્થિક પાસાને લઈને નિર્ણય લેવામાં આવશે તેવી આશા સેવી રહ્યા છે.

# શહેરાના ધામણોદ માતરીયા ખાતે મત્સ્ય ઉદ્યોગ ઉછેર કેન્દ્ર ખાતે ત્રણ ઈસમોએ મચ્છી કાઢવા દેતા નથી તેમ કહી મારામારી કરતા ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના ધામણોદ માતરીયા ખાતે ફરિયાદી મત્સ્ય ઉદ્યોગ ઉછેર કેન્દ્ર ખાતે હાજર હતા ત્યારે ત્રણ આરોપીઓ આવીને તળાવમાંથી મચ્છી કાઢવા દેતા નથી તેમ કહી ગાળો આપી લાકડી વડે હુમલો કરી વર્નાગાડીની તોડફોડ કરી નુકસાન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકાના ધામણોદ માતરીયા ખાતે જશવંતસિંહ માધુસિંહ બારીયા અને કુણાકુમાર બિપીનચંદ્ર પટેલ મત્સ્ય ઉદ્યોગ ઉછેર કેન્દ્ર ખાતે હાજર હતા ત્યારે આરોપીઓ ભારતભાઈ મનસુખભાઈ માલીવાડ, ભુપતભાઈ ઉર્ફે ભોરીયો ભારતભાઈ માલીવાડ, મુળજીભાઈ ભારતભાઈ માલીવાડ આવ્યા હતા. અને ગાળો આપી આરોતી ભારત એ લાકડી મારી ઈજાઓ પહોંચાડી તેમજ કૃણાલ પટેલની વર્ના ગાડીને આરોપીઓએ તોડફોડ કરી નુકસાન પહોંચાડી મચ્છી નહિ કાઢવા દેતા તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# શહેરાના મીરાપુર ગામે ખેતર માંથી વન વિભાગે ૬ ફુટના મગરને પકડયો



શહેરા,

શહેરાના મીરાપુર ગામના ખેતર માંથી વન વિભાગએ આશરે છ ફૂટ લંબાઈ ધરાવતા મગરને પકડી પાડ્યો હતો. ખેતરમાં મગર જોવા મળતા ખેડૂતોમાં ફફડાટ ફેલાઇ જવા પામ્યો હતો.

શહેરા તાલુકાના મીરાપુર ગામ ખાતે રહેતા ભવાનભાઈ પગીના ખેતરમાં મગર એ દેખા દેતા ત્યાં કામ કરતા ખેત મજૂરોમાં ફફડાટ ફેલાયો હતો. ખેડૂત દ્વારા ખેતરમાં મગર હોવાની જાણ તાલુકા વન વિભાગના ફોરેસ્ટ ઓફિસર રોહિત પટેલને કરવામાં આવી હતી. ખેડૂતના ખેતર ખાતે વન વિભાગના આર.એસ.ચૌહાણ, કે.આર.બારીયા, જી.ટી.પરમાર તેમજ એમ.જી.ડામોર અને વિજયભાઈ ડ્રાઈવર સહિતનો સ્ટાફ મગરને પકડવા માટે ની કામગીરીમાં લાગી ગયા હતા. ખેડૂતના ખેતરમાં પાણી હોવાથી મગર પકડમાં આવી રહ્યો ન હતો. વન વિભાગના સ્ટાફે ભારે જહેમત બાદ ખેતર માંથી આશરે ૬ ફૂટ લંબાઈ ધરાવતા મગર ને પકડી પાડીને સુરક્ષિત ગોમા નદીમાં છોડી મૂકવામાં આવ્યો હતો. જયારે ખેતરમાં મગર જોવા મળ્યા હોવાની વાત વાયુવેગે પ્રસરી જતાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

# વડોદરા મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા કાપતા ગોધરા જહુરપુરાની મહિલા કેદી ફર્લો રજા ઉપર ફરાર થઈ જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા જહુરપુરા વિસ્તારમાં રહેતા મહિલા આરોપી વડોદરા મધ્યસ્થ જેલમાં પાકા કામની કેદી તરીકે સજા ભોગવતા હોય કેદીના ૧૫ જુન ૨૦૨૪ના ફલો રજા મંજુર થતાં મુકત કરેલ હતા. અને ૩૦ જુનના રોજ રજા પુરી થતાં જેલમાં હાજર નહિ થઈ થઈ ફરાર થઈ જતાં આ બાબતે ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા જહુરપુરા વિસ્તારમાં રહેતા સંગીતાબેન કાળુભાઈ રત્નાભાઈ બારીયા ઈપીકો કલમ ૩૦૪ પાર્ટ-૨ના ગુનામાં વડોદરા મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા કાપતા હોય મહિલા કેદીને અધિક પોલીસ મહાનિર્દેશક જેલ અને સુધારાત્મક વહીવટ કચેરી અમદાવાદના હુકમથી ૧૪ દિવસના ફલો રજા મંજુર થતાં મહિલા કેદીને ૧૫/૦૬/૨૪ના રોજ ફલો રજા પર મુકત કરેલ હતા. મહિલા કેદીએ રજા પુર્ણ થતાં ૩૦ જુન ૨૦૨૪ના રોજ જેલબંધી પહેલા જેલ ફલો રજા પરથી પરત હાજર નહિ થતાં ફરાર થઈ જતાં આ બાબતે ગોધરા બી-ડીવીઝન પોલીસ મથક વડોદરા મદયસ્થ મહિલા વિભાગ જેલર દ્વારા ફરિયાદ નોંધાવવા આવી છે.

# જાંબુઘોડાના ઉચાપણા રોડ પર રેતી ભરેલ ટ્રેકટરે બાઈકને ટકકર મારતા બાઈક ચાલકનુ મોત

જાંબુઘોડા,

જાંબુઘોડાને અડીને આવેલા ઉચાપણા પાસે બાઈક પર મોટા કાટવા સાસરીમાં જવા માટે વિપુલ ચંદ્રસિં! રાઠવા નીકળ્યા હતા. ગામેથી થોડે દુર પહોંચતા પાછળથી માતેલા સાંઢની જેમ આવતા રેતી ભરેલા ટ્રેકટરના ચાલકે વિપુલની બાઈકને ધડાકાભેર ટકકર મારતા વિપુલ બાઈક પરથી ફંગોળાઈને રોડની બાજુમાં આવેલ નાળામાં પડતા ઘટના સ્થળે મોત નીપજયું હતુ. ત્યારે અકસ્માત એટલો ગંભીર હતો તે બાઈકને ટકકર મારનાર ટ્રેકટર ચાલક પણ ટ્રેકટર સાથે નાળામાં ખાબકયો હતો. બનાવની જાણ વાયુવેગે આજુબાજુના વિસ્તારોમાં પ્રસરતા લોકટોળા ઉમટી પડ્યા હતા. જયારે મૃતક વિપુલ રાઠવાના મોતના સમાચાર પરિવારજનોને થતાં અકસ્માત સ્થળ ઉપર આવી રોકકળ મચાવી હતી. જયારે અકસ્માતના બનાવને પગલે પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# કાલોલમાં ભુગર્ભ ગટર લાઈનમાં ભંગાણ પડી જતાં ટ્રક ફસાઈ

કાલોલ,

કાલોલ શહેરમાં ભાથીજી મંદિરથી પાલિકા ભવન તરફ જવાના મુખ્ય રસ્તા પર પોસ્ટ ઓફિસ નજીક ભુગર્ભ ગટરની લાઈનમાં ગાબડું પડતા સવારના સમયે એક ટ્રકનુ ટાયર આ ગાબડામાં ગરકાવ થઈ જતાં ટ્રક ફસાઈ જવા પામી હતી. શહેરા પાલિકા ભવન, મુખ્ય બજારથી બસ સ્ટેશન તરફ આવન-જાવન કરવાના મુખ્ય રસ્તા પર જ ટ્રક ફસાઈ જતાં ત્રણ-ચાર કલાક સુધી બંને તરફના રસ્તા બ્લોક થઈ ગયા હતા. જેને પગલે આસપાસના દુકાનદારો, રાહદારીઓ અને વાહનચાલકો અટવાયા હતા. અત્રે ઉલેખનિય છે કે, કાલોલ શહેરમાં ભુગર્ભ ગટર યોજનાની કામગીરી વચ્ચે ચાલુ માસે ચોમાસાના પ્રારંભે અગાઉ ગત અઠવાડિયે જ આ રસ્તા પર રબ્બાની મસ્જિદ પાસે પણ એક-બે મીટરનુ ભંગાણ સર્જાતા ગાબડું પડ્યુ હતુ. જેના સમારકામના એક અઠવાડિયા બાદ એ જ રોડ પર સો મીટરના અંતરે વધુ એક ભંગાણ સર્જાતા ભુગર્ભ ગટર યોજનામાં આચરવામાં આવેલી કામગીરી અંગે સવાલો ઉભા થયા છે. કાલોલ નગરપાલિકા અને જવાબદાર કોન્ટ્રાકટર અને તંત્રની લાપરવાહી સામે સવાલો ઉભા થયા છે. જેથી ભુગર્ભ ગટર યોજનાની કામગીરી અંગે મુલ્યાંકન કરી સમારકામ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.